**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૪૭ ટકા

# જિલ્લાની કોવિડ હોસ્પિટલોમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટની મોકડ્રિલ

## ફાયર સેફટી સહિતના સુરક્ષા સાધનોની ચકાસણી કરવામાં આવી : હોસ્પિટલોના સ્ટાફને જરુરી માર્ગદર્શન તથા તાલીમ અપાઈ

ગાંધીનગર, તા.૭

કોરોના મહામારીની સંભવિત ત્રીજી લહેરને પંહોચી વળવા જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણપણે ચોકસાઈ રાખવા અને કોઈ પણ પ્રકારની આપત્તિ જનક સ્થિતિને પહોંચી વળવા માટે સુસજ્જ રહેવા તકેદારી રાખી રહ્યું છે. આ સંદર્ભે ગઈકાલે ગાંધીનગર શહેર તથા જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવેલી ૧૪ કોવિડ હોસ્પિટલોમાં ફાયર સેફટી સહિતના સુરક્ષા સાધનોની ચકાસણી કરવામાં આવી હતી તેમજ જરુરી માર્ગદર્શન તથા તાલીમ પુરી પાડવામાં આવી હતી.

કોવિડ-૧૯ મહામારીને અનુલક્ષીને દરેક મહિનાની છઠ્ઠી તારીખે ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરી હસ્તકના ડિઝાસ્ટર મેનેજમેન્ટ કચેરી દ્વારા શહેર-જિલ્લાની કોવિડ હૉસ્પિટલોમાં ફાયર સેફટી સહિતના સાધનોની ચકાસણી યોજવામાં આવે છે. તદુપરાંત તમામ કોવિડ હોસ્પિટલોમાં કર્મચારીઓને આ સાધનો વાપરવા અંગે માર્ગદર્શન તથા સાથે જરૂર પડે તો મોકડ્રીલ કરીને જરુરી તાલીમ પણ આપવામાં આવે છે. આ અંતર્ગત ગઈકાલે ગાંધીનગર જિલ્લા કલેક્ટર હસ્તકની ડિઝાસ્ટર મેનેજમેન્ટ કચેરીના ડીપીઓ, પોલીસ વિભાગના એસ.ઓ.જી.ની ટીમ અને ફાયર વિભાગ દ્વારા જિલ્લાની ચૌદ હોસ્પિટલની વિઝીટ કરી અને તે દરમિયાન કોવિડ હોસ્પિટલોમાં ફાયર સેફટીના પુરતા સાધનો છે કે નહી, તે યોગ્ય રીતે કાર્યરત છે કે નહી તેમજ આકસ્મિક સમયે હૉસ્પિટલનો સ્ટાફ તેને ઉપયોગ કરવા માટે જાણકાર છે કે નહી તે બાબતોની ચકાસણી સાથે મોકડ્રીલ પણ યોજવામાં આવી હતી. આ ઉપરાંત સુરક્ષાના અન્ય સાધનોની પણ ચકાસણી કરવામાં આવી હતી અને જરૂરી માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. લગભગ આખા દિવસ દરમિયાન ચાલેલી આ ડ્રાઈવ દરમિયાન લગભગ તમામ હૉસ્પિટલોમાં ફાયર સેફટી તથા અન્ય સુરક્ષાના સાધનો બાબતે જાળવણીની સતર્કતા તેમજ ચોકસાઈ સંતોષકારક હોવાનું જણાયું હતું. આ ડ્રાઈવમાં ગાંધીનગર જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ કચેરીના ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ ઓફિસર તેમજ મનપાના ડીઝાસ્ટર મેનેજમેન્ટના પ્રોજેક્ટ ઓફિસરનો પણ ચાર્જ સંભાળતા મેઘા રબારી, પોલીસ વિભાગના સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપના જશુભાઈ રાઠોડની રાહબરી એસઓજીની ટીમ તેમજ ઈ.સબ ફાયર ઓફિસર રાજકુમાર સહિત તેમની ટીમ જોડાઈ હતી.






### કોરોના કાળમાં આકસ્મિક પરિસ્થિતિને પહોંચી વળવા તંત્ર સજ્જ



'કોરોના મહામારીને અનુલક્ષીને ગાંધીનગર જિલ્લા કલેકટરના માર્ગદર્શન તથા સુચનાથી ડિઝાસ્ટર મેનેજમેન્ટ કચેરી દ્વારા દર માસની છઠ્ઠી તારીખે જિલ્લાની તમામ કોવિડ હોસ્પિટલમાં આકસ્મિક પરિસ્થિતિને પહોચી વળવા તકેદારીના ભાગરૂપે ફાયર સેફ્ટી સહિત સુરક્ષાના સાધનોની ચકાસણી તથા મોકડ્રીલનું આયોજન કરવામાં આવે છે. ગઇકાલે યોજવામાં આવેલી આ ડ્રાઇવ દરમ્યાન અમારી સાથે એસઓજી તથા ફાયરની ટીમ પણ જોડાઇ હતી અને શહેરની ૧૪ કોવિડ હોસ્પિટલોમાં ફાયર સેફ્ટી સહિત સુરક્ષાના સાધનોની ચકાસણી કરી જરૂરી માર્ગદર્શન આપવા સાથે મોકડ્રીલ યોજીને હોસ્પિટલોના સ્ટાફને ઉપયોગી તાલીમ પણ આપવામાં આવી હતી. કોરોના કાળમાં ઉભી થતી આકસ્મિક પરિસ્થિતિને પહોંચી વળવા તંત્ર સજ્જ છે.'

- મેઘા રબારી
ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ ઓફિસર, ગાંધીનગર જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ કચેરી

### જિલ્લાની કઇ કઇ હોસ્પિટલોમાં મોકડ્રીલ યોજાઇ ?


- આશીર્વાદ હોસ્પિટલ, વૈષ્ણોદેવી સર્કલ
- આઇકોન કોવિડ હોસ્પિટલ, અડાલજ
- આશ્કા હોસ્પિટલ, સરગાસણ
- પ્રથમ ચિલ્ડ્રન્સ હોસ્પિટલ, કુડાસણ
- એસએમવીએસ હોસ્પિટલ, રાંદેસણ
- એપોલો હોસ્પિટલ, ભાટ
- કનોરીયા હોસ્પિટલ, ભાટ
- સરમાઉન્ટ હોસ્પિટલ સેક્ટર-૨૬
- જીએમઇઆરએસ જનરલ હોસ્પિટલ ગાંધીનગર
- વાછાણી હોસ્પિટલ, સેક્ટર-૬
- હાઈટેક હોસ્પિટલ, સેક્ટર-૩ડી
- રેવાબા સાર્વજનિક હોસ્પીટલ, સરઢવ
- ગોયન્કા હોસ્પિટલ, પીપળજ
- મંજૂશ્રી રિસર્ચ ઇન્સ્ટિટ્યુટ ઓફ આયુર્વેદિક સાયન્સ, પીપળજ

## જન્મદિને વધામણી


જયેશકુમાર ડાહ્યાલાલ જોષી
મો. ૯૪૨૬૩ ૧૬૯૭૪



ઘનશ્યામ બાબરીયા
મો. ૯૫૧૦૯ ૨૫૨૯૮


ધૃવી મનોહરસિંહ રાઠોડ


સેજલબેન શાહ
લાયોનેસ ક્લબ


પરી તેજસ શ્રીમાળી
મો. ૯૮૨૪૭૬૭૨૨૬


સાધુ ભવ્ય બાલમુકુંદ

# એસપી કચેરી સ્થિત અશ્વ તાલિમ શાળામાં ૨૦૦થી વધુ યુવાનોએ તાલિમ મેળવી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના રાજમાર્ગો પર વૈભવી કાર દોડતી નજરે પડે છે. શહેરમાં કાર ટ્રેનીંગ સ્કુલ તો ઠેક ઠેકાણે આવેલા છે. ત્યારે શહેરના યુવાવર્ગમાં અશ્વનો અનેરો શોખ જોવા મળી રહ્યો છે તેમજ ઘોડે સવારી શીખવા માટે પણ ઉત્સાહી છે. ત્યારે ગાંધીનગર જિલ્લા પોલીસ વડા કચેરી ગ્રાઉન્ડમાં કાર્યરત મહારાણા પ્રતાપ અશ્વ રાઈડીંગ આશિર્વાદરૂપ સાબિત થઈ છે. આ અશ્વ તાલિમ શાળામાં ૨૦૦ થી વધુ યુવા વર્ગે તાલિમ મેળવી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૭ એસપી કચેરી ખાતે સવાર પડતા અશ્વોની હણહણાટી અને તેમના ડાબલાના અવાજથી સેક્ટર ગુંજી ઉઠે છે. ત્યારે ગાંધીનગર જિલ્લા પોલીસવડા મયુર ચાવડાની સુચનાથી અને હેડ કવાર્ટર ડીવાયએસપી એમ.જે. સોલંકીની દેખરેખ હેઠળ વર્ષ ૨૦૧૮ થી મહારાણા પ્રતાપ અશ્વ તાલિમ શાળા ચાલી રહી છે. ત્રણ માસની તાલિમમાં અશ્વ અંગે બેઝીક શીખવાડવામાં આવે છે. ત્યારે શહેરના સામાન્ય નાગરીક માટે રૂ.૪૫૦૦ અને સ્ટુડન્ટ માટે રૂ.૨૨૫૦ તાલિમ ફી રાખવામાં આવી છે. ત્રણ માસે એક બેચ પુરી થાય છે. મહારાણા પ્રતાપ અશ્વ તાલિમ શાળામાં ૭ અશ્વ છે જેમાં મારવાડી, કાઠીયાવાડી અને થ્રો બીડના અશ્વનો સમાવેશ થાય છે. તાલિમ શાળા ઉપરાંત અશ્વોને વીવીઆઈપી બંદોબસ્ત, નાઈટ પેટ્રોલીંગ અને રેલી સમયે પણ બંદોબસ્તમાં મુકવામાં આવે છે. માઉન્ટેન વિભાગના પીએસઆઈ એમ.એસ. ચુડાસમા અને અન્ય ૮ કર્મચારીઓ દ્વારા અશ્વોની માવજત લેવામાં આવે છે.





જયારે ૪ અશ્વો રાષ્ટ્રીય કક્ષાએ ટેન પેંગીગ રમીને ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. જયારે અશ્વનો દિવસ દરમિયાન ચાર વાર પાણી સહિત ખોરાકમાં ૨ કિલો ચણા, એક કિલો જવ, ૭.૫૦ કિલો જુવારનું સુકુ બાટુ, અને ૫ કિલો લીલુ ઘાસ તબબકાવાર સવારે ૧૦, બપોરે ૪ અને સાંજે ૭.૩૦ કલાકે આપવામાં આવે છે. જયારે આ અશ્વ તાલિમ શાળામાંથી તાલિમ મેળવેલા ૨૦૦ તાલિમાર્થીમાંથી કેટલાક યુવાનો આ તાલિમ થકી રોજગારી પણ મેળવી રહ્યા છે.

### વેસ્ટર્ન એગ્રી સીડસ દ્વારા પર્જન્ય યજ્ઞ યોજાશે

વેસ્ટર્ન એગ્રી સીડસ લી. ગાંધીનગર દ્વારા ૧૮મા પર્જન્ય યજ્ઞ (વરૂણદેવ યજ્ઞ), કોરોના યજ્ઞ અને પ.પૂ. પ્રાગદાસ બાપાની રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટના રાજયમાં ૧,૧૧,૧૧૧ વૃક્ષોના વાવેતરના સંકલ્પને ચરિતાર્થ કરવા પ.પૂ.પ્રાગદાસ બાપાની રામવાડી-૧, જૂનાગઢ મુકામે વિવિધ કાર્યક્રમોનું આયોજન આગામી તા. ૧૨મી જુલાઈના રોજ કરવામાં આવ્યું છે. સરકારશ્રીની કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરવા સાથે સૌ કોઈને પધારવા મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. એન.પી. પટેલ દ્વારા જાહેર આમંત્રણ અપાયું છે.


મીના બજારના બાળકોને શિક્ષણ આપતા ૨ શિક્ષકો

ગાંધીનગરમાં મીનાબજારના ઝૂંપડામાં વસતા બાળકો ઓનલાઈન શિક્ષણથી વંચિત હોવાના કારણે સરકારી શાળાના શિક્ષકો પ્રવિણાબેન તરાલ અને રશ્મિકાબેન સથવારાએ ખુલ્લા મેદાનમાં શેતરંજી પાથરીને અત્યારે ૧ થી ૧૫ બાળકોને શિક્ષણ આપે છે તેઓ આજ રીતે ચ રોડ તેમજ બીજા આવા શિક્ષણથી વંચિત બાળકોને શિક્ષણ આપવા દરરોજ છેલ્લા ૧ મહિનાથી જાય છે.

# આઈઆઈટી ગાંધીનગર દ્વારા શાળાના બાળકો માટે નિ:શુલ્ક ઓનલાઈન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી -આઈઆઈટીજીએન દ્વારા ધોરણ ૮થી ૧૨ના વર્ગના શાળાના વિદ્યાર્થીઓ માટે નિ:શુલ્ક ઓનલાઇન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે જેથી તેઓને ક્રિટિકલ વિચારધારા, સહાનુભૂતિ અને સર્જનાત્મકતા વિકસાવવામાં મદદ મળે. આ ઓનલાઈન કેમ્પનો હેતુ શાળાના બાળકોને ચિંતક અને પ્રભાવક પરિવર્તનની સુવિધા આપવાનો છે.

ઓનલાઈન કેમ્પની પ્રથમ કીડ ઈવેન્ટ 'કેમ્પ એચએસએસ' એટલે કે 'માનવતા અને સમાજિક વિજ્ઞાન' આગામી તા.૩૦મી જુલાઈથી ૧લી ઓગસ્ટ દરમિયાન યોજાશે. આ કેમ્પમાં ભાગ લેવા માટે કોઈ ફી લેવામાં આવશે નહીં. કેમ્પ માટે રજીસ્ટ્રેશન કરવાની છેલ્લી તારીખ ૨૦મી જુલાઈ છે જેમાં રુચિ ધરાવતા ઉમેદવારો આઈઆઈટીજીએનની વેબસાઈટ પર આપેલ લીંકની મદદથી નોંધણી કરાવી શકે છે. શિબિરનો બીજો મહત્વનો ઉદ્દેશ એ છે કે આઈઆઈટી જેવી તકનીકી સંસ્થાઓમાં માનવતા અને સામાજિક વિજ્ઞાનના કાર્યક્રમો વિશે શાળામાં ભણતા વિદ્યાર્થીઓ અને માતાપિતામાં જાગૃતિ આવે. મોટાભાગના વિદ્યાર્થીઓ અજાણ છે કે આઈઆઈટીમાં ઘણા પાસે શૈક્ષણિક પ્રોગ્રામ્સ પ્રદાન કરતી માનવજાતિ અને સામાજિક વિજ્ઞાન વિભાગ પણ છે. આ શિબિર શાળાના બાળકોમાં આનંદ અને ઉત્સાહ ભરવા સાથે એવા વિષયો વિશે પણ ઉત્સુકતા ઉત્તેજીત કરશે કે જેઓને શાળાના અભ્યાસક્રમમાં પૂરતી જગ્યા આપવામાં આવતી નથી.

# નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર જિલ્લાની "રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ-૨૦૨૧" સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૭

ભારત સરકારનાં સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ હસ્તકનાં નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કોમ્યુનિકેશન કાર્યક્રમ અંતર્ગત દર વર્ષે 'રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધા'નું આયોજન સમગ્ર દેશમાં કરવામાં આવે છે. આ સ્પર્ધનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નાનપણથી જ વિજ્ઞાન પ્રત્યે રસ-રૂચી કેળવાય અને તેમાનામાં વૈજ્ઞાનિક સંશોધન વૃત્તિ વિકસે તેવા નવીનત્તમ વિચારોનો ઉદ્ભવ થાય તે છે. ગુજરાતમાં આ સ્પર્ધાનું આયોજન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી,ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે.

ગાંધીનગર જીલ્લામાં આ સ્પર્ધાનું આયોજન નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા કરવામાં આવે છે. ગાંધીનગર જીલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ ના વિદ્યાર્થીઓ માટે આ સ્પર્ધાનું આયોજન ઓગષ્ટ માસમાં કરવામાં આવશે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે નો મુખ્ય વિષય 'નિરંતર જીવનનિર્વાહ માટે વિજ્ઞાન' રાખવામાં આવેલ છે. જેના પેટા વિષય આ પ્રમાણે છે (૧) ટકાઉ જીવન જીવવા માટે ઈકોસિસ્ટમ (૨) ટકાઉ જીવન માટે યોગ્ય તકનીકી (૩) ટકાઉ જીવન માટે સામાજિક નવીનતા (૪) ટકાઉ જીવનનિર્વાહ માટે આલેખન, વિકાસ, નમૂના અને આયોજન (૫) ટકાઉ જીવનનિર્વાહ માટે પરંપરાગત જ્ઞાન પ્રણાલી અપનાવવી.

આ સ્પર્ધામાં ૧૦ થી ૧૭ વર્ષની વય જૂથ ના બાળકો ભાગ લઈ શકશે. વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લેવા માટે સ્થાનિક સમસ્યાને ધ્યાનમાં રાખીને વિષયને અનુરુપ સંશોધન કાર્ય કરવાનું હોય છે. આ સ્પર્ધાના વિષયો અંગે માહિતી અને માર્ગદર્શન માટે તેમજ સ્પર્ધામાં ભાગ લેવા માટે નિસર્ગ સાયન્સ સેન્ટર,૬૧/૧, ઘ-ટાઈપ,સેક્ટર-૨૩નો અથવા મોબાઈલ નંબર - ૯૪૨૬૪ ૫૧૧૦૨, ૯૦૯૯૩ ૮૨૯૩૬ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. પટેલ મહેશભાઈ ભોગીલાલ,** ઉ.વ. ૭૧, સેક્ટર-૧૨
- **સ્વ. દવે જયકૃષ્ણ નંદલાલભાઈ,** ઉ.વ. ૬૯, વાવોલ
- **સ્વ. ઠાકોર પદ્મીબેન ભીખાજી,** ઉ.વ. ૫૫, જેઠીપુરા
- **સ્વ. મકવાણા રમેશભાઈ મગનભાઈ,** ઉ.વ. ૪૦, સે-૨૪, ઈન્દિરાનગર
- **સ્વ. પરમાર રેવાભાઈ ભાણાભાઈ,** ઉ.વ. ૭૮, સેક્ટર-૧૪

# રસીયાત્રા-રસીકરણ અભિયાનને વેગવંતુ બનાવવા અભૂતપૂર્વ પ્રયાસ



ગાંધીનગર, તા.૭

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ભાટ, શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે એક નવું આયોજન કરવામાં આવ્યું. જેમાં સંસ્થાના ૧૫૦૦ થી વધુ વિદ્યાર્થી અને સાથે ૨૦૦ થી વધુ સ્ટાફ મિત્રો દ્વારા સમાજના ૩૫૦૦૦ થી વધુ વ્યક્તિઓના સંપર્ક કરી ભગવાન જગન્નાથજીના રથવાળા રસી યાત્રા કાર્ડનું વિતરણ કરી વેક્સિનનું રજીસ્ટ્રેશન અને વેક્સિનના ફાયદા સમજાવી જાગૃતિ લાવવા માટે કાર્ય હાથ ધરાયું હતું. આ 'રસી યાત્રા' કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે દસક્રોઈના ધારાસભ્ય બાબુભાઈ જમનાદાસ પટેલ તથા અતિથી વિશેષ તરીકે ડો. કે એન ખેર, રજિસ્ટ્રાર ,ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી અને ટ્રસ્ટી રામકૃષ્ણ સ્વામીજી, અક્ષરપ્રકાશ સ્વામીજી અને ડાયરેક્ટર ધર્મેશ વંડરાએ હાજરી આપી આ અભિયાનને નવીન પ્રકારના જાગૃતિ અભિયાનની ઉપમા આપી શુભેચ્છા પાઠવી હતી.

# એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં હેન્ડવોશ બનાવવાની પ્રવૃત્તિ યોજાઈ

ગાંધીનગર, તા.૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા સે-૨૩ ગાંધીનગરમાં અભ્યાસિક પ્રવૃત્તિના ભાગરૂપે ધરણ-૭ની વિદ્યાર્થીની બહેનોએ વધેલા સાબુના ટુકડામાંથી હેન્ડવોશ બનાવી તેનો વીડીયો અને તેના ફોટોગ્રાફસ મોકલી તેમના ઉત્સાહને જીવંત રાખ્યો હતો. આ પ્રવૃત્તિનું આયોજન શાળાના સુપરવાઈઝર સંગીતાબેન પટેલના માર્ગદર્શન હેઠળ શિલ્પાબેન ત્રિવેદીએ કર્યુ હતું તથા શાળાના પ્રિન્સિપાલ નીરુબેન પટેલે વિદ્યાર્થીની બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.




# સેક્ટર-૨૮ પ્રાથમિક શાળા દ્વારા શેરી શિક્ષણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૭

કોરોનાની મહામારીમાં શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ બંધ છે ત્યારે કોઈ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે 'શેરી શિક્ષણ' કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. આ કાર્યક્રમને ખૂબ પ્રોત્સાહન મળી રહ્યું છે.



પ્રત્યક્ષ શિક્ષણના વિકલ્પે હાલમાં ઓનલાઈન શિક્ષણ અપાઈ રહ્યુ છે પરંતુ સેક્ટર-૨૮ની શાળામાં અભ્યાસ કરતા બાળકો માટે સ્માર્ટ ફોન દ્વારા અભ્યાસ કરી શકાય તેવી કોઈ સગવડ નથી. સ્માર્ટફોન, ઈન્ટરનેટ કે ટીવીની સુવિધા ન ધરાવતા બાળકો માટે શાળાના શિક્ષકો દ્વારા શેરી શિક્ષણ કાર્યક્રમ ચલાવાઈ રહ્યા છે. શાળાના મુખ્ય શિક્ષક વિશાલ રાજદીપ દ્વારા બાળકોને તેમના શિક્ષણકાર્યમાં ઉપયોગી હોય તેવી શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમને વાલીઓ અને વસાહતીઓ દ્વારા ખૂબ પ્રોત્સાહન મળી રહ્યુ છે.